દિવ્ય ભાસ્કર

Vapi

26 April, 2018

# બાળ મૃત્યુદર ઘટાડવા મુદ્દે ધરમપુરના રાજચંદ્ર આશ્રમમાં સંયુક્ત કોન્ફરન્સ મળી

## અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટી, સરકાર, આશ્રમના તબીબોએ ભાગ લીધો

ભાસ્કર ન્યૂઝ | ધરમપુર



રાજચંદ્ર આશ્રમ, ધરમપુરમાં અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સીટી, ગુજરાત સરકાર અને શ્રીમદ રાજચંદ્ર લવ એન્ડ કેરની યોજાયેલી સહિયારી નિયોનેટોલોજી કોન્ફરન્સમાં સ્ટેનફોર્ડ યુનિવર્સીટી, લ્યુસીલ પેકાર્ડ ચિલ્ડ્રન્સ હોસ્પિટલ, ગુજરાત સરકારના જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલના ડોક્ટર્સ તથા સ્ટાફે ભાગ લીધો હતો.

રાજ્યમાં શિશુ મૃત્યુ દરને ઘટાડવા, શિશુઓ તથા માતાઓના સ્વાસ્થ્ય સુધાર માટે ઠોસ નીતિઓ ઘડવી અને તેના અમલીકરણ માટે જરૂરી પગલાં લેવા સહિતના મહત્વના મુખ્ય મુદ્દાઓ માટે યોજાયેલી મહત્વની કોન્ફરન્સમાં શિશુ મૃત્યુની સમસ્યાના નિવારણ માટે રાજચંદ્ર હોસ્પિટલ પહેલ કરી અગત્યનો ભાગ ભજવી શકશે એવું મંતવ્ય રજુ કરાયું હતું. આ પૂર્વે રાજચંદ્ર હોસ્પિટલના નવજાત શિશુઓનાએનઆઈસીયુ વિભાગના સ્ટાફને ગત 16 એપ્રિલથી 20 એપ્રિલ સુધી સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના નિયોનેટોલોજી વિભાગના નિષ્ણાંત ડોક્ટર્સ દ્વારા તાલીમ આપી હતી.